# શહેરમાં વકરતો રોગચાળો, મેલેરિયા, ડેન્ગ્યુનો અજગરી ભરડો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો દિન પ્રતિદિન વકરતો જાય છે. પાટનગરને મેલેરીયા-ડેન્ગ્યુ અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરમાં મેલેરીયા, ડેન્ગ્યું, ટાઈફોઈડ, ચિકનગુનિયા, કમળો સહિતના કેસ દેખાવા લાગતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. તો બીજીતરફ રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરીને ફોંગીગ સહિત પોરાનાશક કામગીરી પણ તેજ કરી દેવાઈ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટયું છે. પરંતુ વાહકજન્ય રોગચાળો વકર્યો છે. શહેરમાં ઘરે ઘરે તાવ, ઉધરસ, શરદી-ખાંસી સહિતના દર્દીઓ પણ જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલના ચોપડે ગત સપ્તાહમાં જ ડેન્ગ્યુ-૪૨, ચીકનગુનીયા-૮, કમળો-૬ અને ટાઈફોઈડ-૧ કેસ સહિત મેલેરીયાના કેસનો સંખ્યામાં પણ સારી માત્રામાં જોવા મળી છે. શહેરની હોસ્પિટલ સહિત ખાનગી દવાખાના પણ દર્દીઓથી ભરાઈ ગયા છે. જયારે દર્દીઓની સંખ્યા વધતા લેબ ટેસ્ટ પણ મોડા આવે તેવી સ્થિતિ સર્જાઈ છે. નગરમાં સાંજ ઢળતા જ દર્દીઓની લાંબી લાઈનો દવાખાના બહાર લાગી હોય છે.

દર્દથી કણશી રહેલા દર્દીઓ વેઈટીંગમાં બેઠેલા હોય છે. ત્યારે શહેરમાં સતત વરસાદી વાતાવરણને પગલે કાદવ-કિચડને પગલે મચ્છરોનો ઉપદ્રવ પણ ખુબ મોટા પ્રમાણમાં વધ્યો છે. નગરજનો રાત્રીના સમયે મચ્છરો ત્રાહીમામ પોંકારી ઉઠે છે. ત્યારે વાહકજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર રાત-દિવસ કામ કરે છે. તંત્ર દ્વારા શહેરમાં ઈન્ડોર અને આઉટડોર ફોંગીગ, એન્ટી લાર્વેલ, પોરાનાશકની કામગીરી તેજ કરી દેવાઈ છે. ત્યારે શહેરમાં વાહકજન્ય રોગચાળો સતત વધી રહેતા તંત્ર પણ ચિંતિત નજરે પડે છે. જયારે હાલના વાતાવરણને પગલે નાગરીકો ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુનિયા સહિત વાઈરલ બિમારીનો ભોગ બની રહ્યા છે.



કાગડાને ભલે ચતુર કહેવાતો હોય પરંતુ કોયલ તેને દર વખતે છેતરી જ જાય છે. યેનકેન પ્રકારે કોયલ કાગડાના માળામાં ઈંડા મુકી આવે છે. કાગડો આ ઈંડાઓની સંભાળ લે છે, સેવે છે અને બચ્ચાં થતા તેને મોટા પણ કરે છે. કોયલ આબાદ રીતે કાગડાને છેતરી લઈ પોતાના બચ્ચાં મોટા કરાવી લે છે. કોયલનું બચ્ચુ મોટુ થાય ત્યારે જ કાગડાને ખ્યાલ આવે છે કે આ બચ્ચુ કોયલનું છે પરંતુ ત્યાં સુધી ઘણુ મોડુ થઈ ચૂક્યુ હોય છે. તસ્વીરમાં દેખાતુ બચ્ચુ કોયલનું છે અને કાગડો તેને ખૂબ પ્રેમથી ખવડાવે છે અને ઉડતા પણ શીખવે છે.

# સુરમ્ય બંગ્લોઝના ખાલી પ્લોટમાં ગેરકાયદે પ્રવેશ કરનાર ચેરમેન, સેક્રેટરી અને મેનેજર સહિત ૧૩ સામે ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૦

અડાલજ નજીક આવેલી સુરમ્ય કો.ઓ. હાઉસીંગ સોસાયટીના ખાલી પડેલા સી-૧૮૬ પ્લોટ પર કબ્જો જમાવવા પ્લોટની દિવાલ તોડી ગેરયાદેસર પ્રવેશ કરી પ્લોટનો કબ્જો લેવાની કોશીશ કરનાર સુરમ્ય બંગ્લોઝના ચેરમેન, સેક્રેટરી અને મેનેજર સહિત ૧૩ વ્યક્તિઓ સામે અડાલજ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

મુંબઈ પદમનગર ખાતે રહેતા ૪૩ વર્ષીય રસેશ ભરતભાઈ ત્રિવેદી પરિવાર સાથે રહે છે અને વેપાર-ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. રસેશભાઈના પત્ની હેમાદ્રીબેનના નામે અમદાવાદ પ્લોટ લેવાનો હોવાથી બંને જણાએ અડાલજ ખોરજ-ખોડીયાર પાસે આવેલી સુરમ્ય કો.ઓ. હાઉસીંગ સોસાયટીમાં પ્લોટ નં. સી-૧૮૬ ૧૨૯૦ વારનો પ્લોટ ખરીદી લીધો હતો. પ્લોટના માલિકને રૂપિયા ચુકવી દસ્તાવેજ કરાવી સબ રજીસ્ટ્રાર ગાંધીનગર ખાતે નોંધણી નં. ૪૧૮૭ થી રજીસ્ટર કરાવ્યો હતો. ત્યારબાદ સોસાયટીની ટ્રાન્સફર ફી ચુકવી સોસાયટીના દફતરે પ્લોટ રરેશ ત્રિવેદી અને હેમાન્દ્રી ત્રિવેદીના નામે રજીસ્ટર થયો હતો. જ્યારે શેર સર્ટીફિકેટ નં. ૨૪ ખાતે પણ ફરિયાદીનું નામ ઉમેરવામાં આવ્યું હતું. પ્લોટના દસ્તાવેજ અને શેર સર્ટીફિકેટ અને સી-૧૮૬ પ્લોટનો કબ્જો પણ ફરીયાદી પાસે જ છે. જ્યારે પ્લોટની ચારેબાજુ બાઉન્ડ્રી વોલ અને એક રૂમ બનાવ્યો છે. જ્યારે સુરમ્ય બંગ્લોઝમાં સોસાયટીના મકાનો તેમજ ખાલી પ્લોટોની દેકરેખ માટે સિક્યુરીટી ગાર્ડ મુકવામાં આવ્યો છે. જેનો ખર્ચ સોસાયટીના મેમ્બરો પાસેથી લેવામાં આવે છે. સુરમ્ય બંગ્લોઝના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, સેક્રેટરી દશરથભાઈ પટેલ અને મેનેજર ભરતભાઈ પટેલ દ્વારા તા. ૨૬ અને તા. ૨૭ ઓગષ્ટના રોજ તેઓના માણસો સાથે ફરિયાદીના સી-૧૮૬ પ્લોટમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કબ્જો લેવાની કોશીશ કરી હતી. જ્યારે બાઉન્ડ્રી વોલને નુકશાન પહોંચાડ્યું છે, જ્યારે બીજીવાર પ્લોટમાં ગેરકાયદેસર પ્રવેશ માટે પ્રયત્ન કર્યો હતો પરંતુ સામેના પ્લોટના માલિક હાજર હોવાથી માણસો ત્યાંથી જતા રહ્યા હતા. બનાવ અંગે જાણ થતા મુંબઈથી આવી પ્લોટ પર ગયા હતા. તોડી નાંખેલી બાઉન્ડ્રી વોલ ફરીવાર તૈયાર કરી હતી. ત્યારે ફરિયાદીના પ્લોટ નં. સી-૧૮૬ સુરમ્ય બંગ્લોઝ ખાતે ફરિયાદીની ગેરહાજરીમાં ગેરકાયદેસર પ્રવેશ કરી, કબ્જો મેળવવા પ્રયત્ન કરી શકે તેવી ભિતી હોવાથી અડાલજ પોલીસમથકે સુરમ્ય બંગ્લોઝના ચેરમેન, સેક્રેટરી અને મેનેજર સહિત ૧૩ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મનપાની ચૂંટણીને પગલે તંત્રએ આદર્શ આચાર સંહિતાને લઈ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૧૭૯૨ જેટલા પોસ્ટર બેનર અને અન્ય સાહિત્યને દૂર કર્યા છે. આચારસંહિતાના અમલ માટે મનપાએ વધુ ૧૫ કર્મચારીની ફાળવણી પણ નોડલ ઓફિસરને કરી છે.
- ગાંધીનગર મનપા દ્વારા ખોરજ-ઝુંડાલમાં આજથી મિલ્કતોના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- મનપામાં ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કતવેરાની માંગણું જે રૂ. ૯ કરોડ હતુ તેમાંથી ૪ કરોડથી વધુની વસુલાત અત્યાર સુધીમાં થઈ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૦ થી વધુ પેન્શન કેસો નિકાલ થયા વગરના હોવાનું જાણવા મળેલ છે.
- રોડ પહોળા કર્યા પહેલા ડિવાઈડર લગાવાના તંત્રના નિર્ણયને કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે. સે. ૨૧માં ગઈકાલે એક કાર ડિવાઈડર પર ફસાઈ જવા પામી હતી.
- ગાંધીનગર શહેર-કોંગ્રેસના અગ્રણી ડૉ. કૌશિક શાહ અમેરિકાથી ગાંધીનગર પરત ફર્યા છે.
- માણસા તાલુકાના શોભાસણ ગામે ભાજપ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ડી.ડી. પટેલ, જયેશ ચૌધરી, લક્ષ્મણસિંહ રાઠોડ, વસંતીબેન, સરપંચ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સિવિલમાં ઓપરેશન માટે પાણીની ડોલો ભરવી પડી...!

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં કાયમી પાણીનો કકળાટ રહે છે. નવી બિલ્ડીંગમાં પાણી ન આવતા ડોકટર્સ, દર્દીઓ તેમજ સ્ટાફને હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. નવી બિલ્ડીંગમાં વપરાશ માટે પાણી આવતું નથી. પરંતુ ઠેરઠેર પાણીના ઝરણા ફુટી નીકળતા ડોલ મુકવી પડે તેવી સ્થિતિ જોવા મળે છે. ત્યારે નવા બિલ્ડીંગને પાણી પહોંચાડતી મોટર બળી જવાથી આજે પાણીની સમસ્યા સર્જાઈ હતી. જેથી ઓપરેશન થિયેટરમાં પણ પાણી આવતુ ન હોવાથી કેટલાક ઓપરેશન મોકુફ રખાયા હતા તો જરુરી ઓપરેશન માટે પાણીની ડોલો ભરવી પડી હોવાનું ધ્યાને આવ્યું હતું. પાણીની ડોલો ભર્યા બાદ સર્જીકલ ઓપરેશન થિયેટરમાં ઓપરેશન કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સિવિલમાં રોજ સવાર પડે ને સમસ્યા માથુ ઉંચકે છે. ત્યારે ૬૦૦ બેડની હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોરમાં લીફ્ટ નીચે તેમજ ઈલેક્ટ્રીક રૂમમાં આપોઆપ પાણી આવી જાય છે. તો કયારેક ઓટીમાં પણ ભારી ભરાઈ જવાનું ધ્યાને આવ્યું છે. જયારે ૬૦૦ બેડની ઈમારતમાં કાયમી વરસાદી વાતાવરણ હોય તેમ લાગે છે. પાણી ટપકવાની સમસ્યાને લઈ ઠેર ઠેર ડોલ મુકવી પડી છે. મળતી વિગત મુજબ સિવિલ કેમ્પસમાં કાર્યરત બોરનું પાણી પુરુ પાડવામાં આવે છે. પરંતુ મોટર બળી જવાથી ૬૦૦ બેડની હોસ્પિટલમાં પાણી ન પહોચતા સમસ્યા સર્જાઈ હતી. ઓટીમાં પાણીની જરુરીયાત હોવા છતા પાણી ન આવતા સ્ટાફના કર્મચારીઓને ભારે મુસીબતનો સામનો કરવો પડે છે. ત્યારે સર્જીકલ ઓટીમાં સવારના સમયે ઓટી કરવામાં આવ્યા હતા. પરંતુ ઓપરેશન કરેલા સાધનો ધોવા માટે તેમજ ડોકટર સહિતના સ્ટાફને સ્વચ્છ થવા માટે પાણી આવતુ ન હતું. આ સર્જીકલ ઓટીમાં બપોર બાદ પણ ઓપરેશન હોવાથી પાણીના આવતુ ન હોવાથી ઓપરેશન થશે કે કેમ તે પ્રશ્ન સૌ કોઈને સતાવતો હતો. આખરે દર્દીની સ્થિતિને ધ્યાને રાખીને ઓપરેશન હાથ ધરવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ ઓપરેશન કરતા પહેલા પાણીની ડોલો ભરવામાં આવી હતી. સિવિલના કર્મચારીઓ દ્વારા ૭ જેટલી પાણીની ડોલ ભરીને ઓટીમાં મુકવામાં આવી હતી. ત્યારબાદ ઓપરેશન હાથ ધરાયુ હતુ.



ઈટાદરા ગામે કસ્બા વિસ્તારમાં વેક્સિનના લેતા લઘુમતી કોમના લોકોને સમજાવી વેક્સિનેશન કરાવ્યું. આ અગાઉ કસબાના રહીશો સાથે જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવ તેમજ તાલુકા વિકાસ અધિકારી જયશ્રીબેને બેઠક કરી અને વેક્સિનના ફાયદા સમજાવ્યા હતા.

# રાજકોટના વૈદ્યરાજ શ્રી જયેશ પરમારની ગુજરાત આયુષના ડાયરેકટર તરીકે નીમણુંક

રાજકોટ-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ખ્યાતી પ્રાપ્ત વૈદ્યરાજ શ્રી જયેશ પરમાર કે જેઓ ૨૦૦૩ માં રાજકોટની સરકારી આર્યુવેદ હોસ્પિટલ કરણપરા ખાતે જી.પી.એસ.સી. દ્વારા નિમણુંક પામ્યા બાદ તમામ રોગોમાં નિપુણ એવા વૈદ્યરાજ શ્રી જયેશ પરમારે રાજકોટના લોકો તથા સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પોતાના સચોટ નાડી નિદાન અને આર્યુવેદ પંચકર્મ સારવાર દ્વારા સચોટ પરીણામો આપ્યા છે. ખુબ જ ભયંકર અસાધ્ય બીમારીઓ જેવી કે કેન્સર, પેટની બીમારી, પક્ષાઘાત, વિવિધ આંખના રોગો, વિવિધ કરોડરજ્જુના રોગો જેવા કે સાઇટીકા વિગેરે તથા બાળકો અને સ્ત્રીઓના રોગોમાં સચોટ નિદાન તથા સારવાર કરીને ખુબ જ ચાહના મેળવેલ. સમયાંતરે ફેલાતા રોગો જેવા કે ચીકનગુનીયા, ડેંગ્યુ, સ્વાઇનફ્લુ તથા કોરોના જેવી મહામારીમાં ઉકાળા વિતરણ જેવી બાબતથી લઇને સ્વૈચ્છીક સંસ્થાઓ તથા શહેર શ્રેષ્ઠીઓનો સહકાર લઇને ઉતમ કામગીરી બજાવેલ છે. આ નિમણુંક પહેલા વિભાગીય નાયબ નિયામક તરીકે તેમણે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં સરકારશ્રી દ્વારા થતી કામગીરી ખુબ જ સુપેરે નીભાવી છે.

"પાણી પહેલા પાળ બાંધવી'' એ કહેવતને સાર્થક કરાવતાં વૈદ્યરાજ જયેશ પરમારે વિવિધ રોગોમાં અને ખાસ કરીને "કોરોના'' માં કઇ રીતે ઘરગથ્થું ઉપયો દ્વારા રોગ પ્રતિકારક શકિત વધારી શકાય તે બાબતે લોકોને જાગૃત કરવા તથા આર્યુવેદ અપનાવવા સતત ટીવી પ્રોગ્રામો, લેખો લખવા, વકતવ્ય આપવા જેવી ઉતમ પ્રવૃતિ કરેલ છે. સૌરાષ્ટ્રના લોકો વૈદ્રાજ જયેશ પરમારને કોઇપણ સ્વાસ્થ્યની તકલીફની સારવાર બાબતે આભીવતાથી જોવે છે.

આર્યુવેદીક દવાખાનું હોય અને વહેલી સવારે ૬ વાગ્યામાં લાઇનો લાગવી એવી કલ્પના ન કરી શકાય ત્યારે વૈદ્યરાજ પરમાર બાબતે આજ વાસ્તવીકતા છે અને તેઓની દર્દી સાથેની આત્મીયતા એક અલગ છાપ ઉપસાવે છે. ખરેખર



દર્દીને નારાયણના સ્વરૂપમાં જોઇને ખુબ જ પ્રામાણીકતાપૂર્વક સેંકડો લોકોની સારવાર કરી છે. ચામડીના વિવિધ રોગો હોય કે પછી કોરોના પછીના ભયંકર રોગો લોકો વૈદ્યરાજ પરમારની સારવાર તથા સલાહ અચુક લે છે.

વિવિધ રોગોમાં દર્દીઓના પરીણામો વૈદ્યરાજ શ્રી જયેશ પરમારે આપ્યા છે તેનું લીસ્ટ તો ઘણું લાંબુ છે. પરંતુ આ બાબતે તેનું માનવતાવાદી વલણ હૃદયસ્પર્શી છે. દર્દીઓની સારવાર સાથે-સાથે રાજકોટને એક સર્વોતમ આર્યુવેદ હોસ્પીટલ આપવાનું કાર્ય સરકારના માર્ગદર્શન નીચે વૈદ્યરાજ પરમારે કર્યુ છે જે પેઢીઓ સુધી લોકો યાદ કરશે. આ હોસ્પીટલમાં પંચકર્મ સારવાર ઉપલબ્ધ છે જેનું લોકર્પિણ ૨૦૧૪ માં ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવેલ. શ્રીમતી આનંદીબેન પટેલે વૈદ્યરાજ પરમાર અને તેના ધર્મપત્નિ વૈદ્ય ચૈતાલી પરમારની સેવાઓને એક ઉતમ સેવાકાર્ય કરનાર એવા તબીબ દંપતીનો ઉલ્લેખ કરી બહુમાન કરેલ. આ હોસ્પીટલના નિમાર્ણમાં તત્કાલીક મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, કર્ણાટકના તત્કાલીન ગર્વનર શ્રી વજુભાઇ વાળા તથા ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ અને ડો. વલ્લભભાઇ કથીરીયા સાહેબનો સારો એવો ફાળો હતો.

આ હોસ્પીટલની પ્રસિધ્ધીમાં વૈદ્યરાજ પરમારને રાજકોટની વિવિધ સ્કુલો તથા વિવિધ ટ્રસ્ટો અને સરસ્વતી શીશુ મંદિર વિગેરેના સહયોગથી સને-૨૦૦૩-૨૦૦૪ માં વૈદ્રાજ પરમાર નિમણુંક પામ્યા ત્યારથી આર્યુવેદ નિદાન કેમ્પો, ઘર આંગણાના ઔષધો, પંચકર્મ સારવારની માહિતી અને સુંદર આર્યુવેદ જાગૃતી માટે તે સમયે કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઇ કથીરીયાના સહયોગથી કરવામાં આવેલ.

આર્યુવેદ પ્રચાર-પ્રસાર ક્ષેત્રે વૈદ્યરાજ પરમાર એક અલગ કુનેહ ધરાવે છે તેમજ તેમના દ્વારા લખાતા લેખો એ ટીવી ચેનલો દ્વારા પ્રસારીત થતા કાર્યક્રમો લોકોને વર્ણવે છે. જેથી લોકોમાં ખુબ જ લોકપ્રિય છે. અત્રે એ વાત પણ ઉલ્લેખનીય છે કે, વિવિધ વર્તમાનપત્રો, દૈનિકો તથા ટીવી ચેનોદ દ્વારા આર્યુવેદ પ્રચાર-પ્રસાર માટેની પ્રવૃત્તિમાં ખુબ જ આત્મીયતાપૂર્વક સહકારથી તેને અગ્રતા આપે છે જે વૈદ્યરાજ પરમારની માનવતાવાદી વિચારધારા અને દર્દી પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.





